
જન્મશતાબ્દી પુસ્તકમાળા

# આપણા બ્રાહ્મણ અને સંતને જીવંત રાખીએ




અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર http://awgp.org

## આપણા બ્રાહ્મણ અને સંતને જીવંત રાખીએ

દેવીઓ તથા ભાઈઓ !

તમારામાંથી મોટા ભાગના લોકો વિચારતા હશે કે હું અહીંયાં હતો, તેમ છતાં પ્રવચન કેમ ન આપ્યું ? હું કોઈ ખાસ કારણસર વ્યાખ્યાન આપી શકયો નથી. બેટા, હું આખી જિંદગી પ્રયોગો કરતો રહ્યો છું. કયા કયા પ્રયોગો કર્યા છે ?

પહેલા બ્રાહ્મણ બનવાનો પ્રયોગ કર્યો કે બ્રાહ્મણત્વના કયા કયા ચમત્કારો થઈ શકે છે ? મેં તેને મારા જીવનમાં ધારણ કરીને જોયું છે અને તેમાં સફળતા અને ચમત્કારો પણ રહેલા છે તે અનુભવ્યું છે. બ્રાહ્મણ જીવન કોને કહે છે ? કરકસરયુક્ત જીવનને કહે છે. જેઓ ઓછામાં ઓછી આવકમાં પોતાનો ખર્ચ ચલાવી શકતા હોય તથા પોતાનું વધારેમાં ધન, બુદ્ધિ, મહેનત વગેરે સમાજ માટે વાપરી શકતા હોય તેમને બ્રાહ્મણ કહે છે.

હું એમ કહું છું કે અધ્યાત્મવાદી બનવા માટે કરકસરયુક્ત બનવું પડશે, બ્રાહ્મણ બનવું પડશે. મેં તેનો પ્રયોગ કર્યો છે અને લાભ મેળવ્યો છે. મેં મારા ખાવા પીવાની તથા રહેવાની રીત બ્રાહ્મણ જેવી રાખી છે. મને બાપદાદાની જે કંઈ મિલકત મળી હતી તે ગાયત્રી તપોભૂમિના નામે દાન કરી દીધી છે. મેં મારી પત્નીને પેશવા બ્રાહ્મણોની ઉપમા આપતાં કહ્યું કે તમારે પણ આવું જીવન જીવવું જોઈએ. પેશવાના રામ ટાંકે પોતાના ગુરુની પત્નીના આદેશ પ્રમાણે સર્વસ્વ અર્પણ કરી દીધું હતું. માતાજીએ પણ પોતાના બધાં ઘરેણાં ગાયત્રી તપોભૂમિ માટે આપી દીધાં. પૈસાની દૃષ્ટિએ અમે સાવ ખાલી થઈ ગયા, પરંતુ શક્તિ ઘણી મળી ગઈ.

મિત્રો 1 ધનની અને બળની શક્તિ હોતી નથી. તે બ્રાહ્મણત્વની શક્તિ હોય છે. હું તમને તેની ખાતરી કરાવી શકું છું. હું બ્રાહ્મણ હતો અને અત્યારે પણ બ્રાહ્મણ છું. તમે જે કંઈ જોઈ રહ્યા છો તે આ બ્રાહ્મણત્વનો ચમત્કાર છે.

મિત્રો, આ દુનિયામાં હવે એક જ જ્ઞાતિ રહી ગઈ છે, જેનું નામ વાણિયા છે. બાકીની બધી જ જ્ઞાતિઓ મરી પરવારી છે. એક જ જીવતી છે અને તે છે વાણિયાની જાતિ. બધાં જ ક્ષેત્રોમાં માત્ર વાણિયા જ વાણિયા છવાયેલા છે.

બ્રાહ્મણ ક્યાંય જોવા મળતા નથી, પરંતુ હું બ્રાહ્મણ છું. તેના પર મને ગર્વ અને સંતોષ છે. જો કોઈ પોતાને બ્રાહ્મણ બનાવી શકતા હોય, પોતાનો ખર્ચ ઓછો કરી શકતા હોય તથા તેમની દાનતમાં બ્રાહ્મણત્વ હોય તો મને ખૂબ જ આનંદ થશે, પરંતુ તમારી દાનતમાં તો ચંડાળ રહેલો છે. માણસે ગરીબ પણ બનવું પડશે અને મેં બ્રાહ્મણ નો પ્રયોગ કરીને જોયું છે.

મેં બીજો પ્રયોગ કર્યો સાધુ બનવાનો, જેનું નામ તપસ્વી છે. મેં મારા તમામ છિદ્રોને બંધ કરી દીધાં. આ બીજું પગથિયું છે. કાંટા પર ચાલનારનું નામ તપસ્વી નથી, પરંતુ જેણે પોતાની જાતને તપાવી છે તેનું નામ તપસ્વી છે, તેનું નામ સાધુ છે. મેં મારી જાતને તપાવી છે. બુદ્ધિની દૃષ્ટિએ માનવી કરતાં વધારે બેઇમાન બહુરૂપી બીજું કોઈ નથી. મેં મારી બુદ્ધિને સરખી કરી દીધી છે.

તમે પણ તમારી બુદ્ધિને દંડા મારીમારીને સરખી કરો. મેં મારી દરેક વસ્તુને તપાવી છે, અંદરના ભાગને પણ તપાવ્યો છે. મેં મારા મનને તથા બુદ્ધિને તપાવ્યાં છે. પરંતુ તમારી બુદ્ધિ તો એવી ચંડાળ છે, એવી પિશાચણ છે કે શું કહેવું ? કોઈકની જિંદગીની સમસ્યાને હલ કરવાનો સવાલ હતો ત્યારે તમારી અક્કલ, તમારી બુદ્ધિએ એવી ધૂર્તતા કરી કે શું કહેવું ?

મેં મારા પૈસાથી લઈને સમય વગેરે બધું જ માત્ર સમાજ માટે જ વાપર્યું. મારું તપસ્વીનું જીવન આવું કસાયેલું જીવન છે. મંત્રોમાં શક્તિ છે એ વાત ખોટી નથી. દેવતાઓમાં શક્તિ છે એ વાત પણ ખોટી નથી, પરંતુ જો કોઈ વ્યક્તિ તપસ્વી હોય તો તે દરેક કામ કરી શકે છે.

મેં મારા અનુષ્ઠાન દરમ્યાન કોઈની સાથે વાતચીત કરી નથી, અન્ય કઈ પણ વસ્તુ ખાધી નથી. જવની રોટલી અને છાશ બસ, માત્ર બે જ વસ્તુઓ હું ખાતો રહ્યો હતો.

મેં જેવું અનુષ્ઠાન પુરું કર્યું કે તરત જ એક માણસ મારી પાસે આવ્યો. તે નકલી રેશમ બનાવતો હતો. તેણે કહ્યું કે હું તમને મારા ગુરુ બનાવા માગું છું. તેણે સવા રૂપિયો મારા હાથમાં મૂકયો. પછી મેં વિચાર્યું કે તો તો હું બ્રાહ્મણ  ન હોઈ શકું. હું તો મજૂર છું. તેણે કહ્યું કે બ્રાહ્મણે તો લેવું જ જોઈએ. આ તો આજથી લગભગ ૩૫-૪૦ વર્ષ પહેલાંની સને ૧૯૪૫-૪૬ ની વાત છે. તે સજ્જનને લઈને હું બજાર ગયો.

તે જમાનામાં ટાઢમાં પાથરવા માટેનાં જૂનાં કપડાંની તથા રૂની હાથ બનાવટની શેતરંજીઓ બે રૂપિયામાં મળતી હતી. તે પૈસાથી તે વસ્તુઓ ખરીદીને જરૂરિયાતવાળાઓને વહેંચી દીધી, પરંતુ મારા માટે મેં કશાનો સ્વીકાર ના કર્યો. મારી બુદ્ધિ અને જે કંઈ વસ્તુઓ મારી પાસે હતી તેમને હું હમેશાં વહેંચતો જ ગયો. તે માણસે થોડા દિવસ પછી મને બસ્સો રૂપિયા મોકલ્યા. મેં તેને ગાયત્રી તપોભૂમિનું મંદિર બનાવવામાં વાપરી નાખ્યા. આ એવો પહેલો માણસ હતો, જેણે મને પૈસા મોકલ્યા હતા. આ મારા તપસ્વી જીવનની ઘટનાઓ તમને સંભાળવી રહ્યો છું. આવી જ રીતે મારા કામો થતાં ગયા, મારું કોઈ કામ અટક્યું નહિ.એક પ્રયોગ વાણીના સંયમનો હું તમને સંભળાવું છું. હું એવું ઇચ્છતો હતો કે હું મૌન ધારણ કરી લઉં અને વૈખરી વાણીનો ઉપયોગ ઓછો કરું. મેં જેટલા વ્યાખ્યાનો આપ્યા છે એટલાં દુનિયામાં કદાચ ભાગ્યે જ બીજી કોઈ વ્યક્તિએ આપ્યા હશે. રામકૃષ્ણ પરમહંસનાં વ્યાખ્યાનોની જેમ મારા પ્રવચનોથી પણ અનેક લોકોનો કાયાકલ્પ થઈ ગયો, પરંતુ જે લોકો રીંછનો ખેલ જોવા આવ્યા તેમને કોઈ ફાયદો ના થયો.

..૫..

જે લોકોને હું વ્યાખ્યાન આપું છું તેમને ખૂબ જ સૂંઘીને જોઉ છું, ચાખી જોઉં છું કે માણસ કેવો છો ? હલકો છે કે વજનદાર ? અને ત્યારે મને નાના માણસો, હલકા માણસો જોવા મળે છે. મને વજનદાર માણસો જોવા મળતા નથી. વજનદાર માણસ એટલે સિદ્ધાંતવાળો માણસ. સિદ્ધાંતોને સાંભળનારો, માનનારો, તેની ઉપર ચાલનારો કે સિદ્ધાંતોને જીવનમાં ઉતારનારો કોઈ માણસ જોવા મળતો નથી.

લોકો ઉપર ગુસ્સો કરવાને બદલે મારી જાત પર ગુસ્સો ના કરું તો બીજું શું કરું ? તમને ખબર છે કે જ્યારે માણસ મરણ-પથારીએ હોય છે ત્યારે ઘણા બધા લોકો તેને મળવા આવે છે, ઘણી બધી શક્તિ વપરાય છે. કોઈ કહે છે કે દાદા તો ઘણા સારા છે, કોઈ કહે છે કે અમને આશીર્વાદ આપો. તેમની સાથે વાત કરવામાં ઘણી બધી શક્તિ વપરાય છે. તેનાથી આંતરિક શક્તિ ખૂબ જ ખર્ચાય છે. એટલે મેં વિચાર્યું કે મારે લોકોને મળવાનું બંધ કરી દેવું જોઈએ. મારી વૈખરી વાણીને બીજાં કાર્યોમાં વાપરવી જોઈએ. વૈખરી વાણી ઓછી થઈ જશે ત્યારે પશ્યંતી વાણી અને મધ્યમા વાણીનો ઉપયોગ કરીશ, જેથી વધારે કામ કરી શકાય. વાતચીત કર્યા વગર જ હું વધુ કામ કરી શકું તથા વાતાવરણને ગરમ કરી શકું. બેટા, અરવિંદ ઘોષે તથા રમણ મહર્ષિએ આવો જ પ્રયોગ કર્યો હતો અને આખા હિન્દુસ્તાનનું વાતાવરણ ગરમ થઈ ગયું હતું.

વૈખરી વાણીના માધ્યમથી બિનજરૂરી રીતે શક્તિઓ વપરાય છે. આથી મેં વિચાર કર્યો કે હવે તેનો ઉપયોગ ઓછો કરું. ભગવાનની શક્તિ ઘણી છે તેનો મેં આ વખતે પ્રયોગ કર્યો. હવે બોલવાનું ઓછું કરતો ગયો. આ કાર્યમાં સમય ઓછો કરતો ગયો અને લોકો સાથે વાતો ઓછી કરી નાખી કારણ કે મોટા ભાગના લોકો પોતાની જ રામકહાની લઈને આવતા હોય છે. બિનજરૂરી ભીડ આવી જાય છે અને કહે છે કે અમારું મન લાગતું નથી, ધ્યાન લાગતું નથી. લોકો નકામી વાતો કરે છે. નકામી વાતો કરવામાં હવે હું સમય નહિ વેડફું. મોઢાથી વાત નહિ થાય તો શું તમે નિષ્ઠુર થઈ જાઓ છો ? ના બેટા, મેં બ્રાહ્મણ પછી એક સંતના રૂપમાં કદમ ઉઠાવ્યાં છે. સંત તેને કહે છે કે જેનું મન કરુણાથી છલકતું હોય.

જેઓ દાઢી વધારી લે છે, ભગવા કપડાં પહેરે છે, ધ્યાન કરે છે તેને સંત ન કહેવાય. કરુણાથી ભરપૂર વ્યક્તિ જ સાચો સંત કહેવાય છે. હું જયાં સુધી જીવીશ ત્યાં સુધી સમાજ માટે જ કામ કરતો રહીશ.

હું ક્યારેય સુકાય નહિ તેવી એક પરબ છું. જેઓ પરસેવે રેબઝેબ થઈ ગયા છે, થાકી ગયા છે તેમને મારી તપસ્યારૂપી પરબનું પાણી મળતું રહેશે. તેમને હર્યાભર્યા રાખીશ. તમે બધા મારી આ પરબનું પાણી પી શકો છો. સંતનું જીવન ચાલતું રહેશે. હું આ પરબ બંધ નહિ કરી શકું. મેં એક દવાખાનું પણ ખોલ્યું છે. જે દુઃખી લોકો મારી પાસે આવ્યા છે તેમને મેં છાતીએ લગાવ્યા છે. તેમની બીમારીનો, દુઃખનો બરાબર ખ્યાલ રાખ્યો છે. સંતનું કામ ભાવસંવેદનાનું છે. મારે મારા બાળકોને ખવડાવવું છે, બાળકોની દેખભાળ કરવી છે, બાળકોને ફુગ્ગા વહેંચવા છે, તેમના ચહેરા પર હાસ્ય જોવું છે. આ બધી ચીજો જોઈને મને આનંદ થાય છે. હું બાળકોની નિશાળ ચલાવું છું. તેનો અર્થ શું છે ? મારું દવાખાનું ચાલે છે, ડિસ્પેન્સરી ચાલે છે. પરબ ચલાવવાનો અર્થ શું છે ? આ એક આધ્યાત્મિક બાબત છે. આ સંતની વાતો છે. તો શું તમે સંતની દુકાન બંધ કરી દેશો ? ના હું બંધ નહિ કરું, જયાં સુધી હું જીવતો રહીશ ત્યાં સુધી ચાલતી રહેશે.

તમને લોકોને મેં ઘણીવાર કહ્યું છે, હજાર વાર કહ્યું છે કે તમારી જે સમસ્યાઓ હોય તે તમે લખીને મને આપો. તમે અડધો કલાક પણ ભગવાનનું ના લઈ શકતા નથી. તમે કહો છો કે અમે તમારા રસ્તા પર ચાલીશું. નકામી વાતો ના કરો. મારી પાસે ત્રાજવું છે. હું જાણું છું, મારો ભગવાન જાણે છે કે તમે કેવાં છો ? આથી જ મેં હવે એવું કહેવાનું શરૂ કર્યું છે કે તમે મારો સમય નષ્ટ કરવાને બદલે લખીને આપો. તમે ન તો અહીંયાં ધ્યાન કરવા આવો છો કે ન પૂજા કરવા આવો છો કે ન તો કામની વાતો કરવા આવો છો માત્ર ફરવા આવો છો, નકામું ભાડું ખર્ચો છો. તમે મને અક્કલ વગરનો સમજો છો. હું તમારી રગેરગ જાણું છું.

આથી જ મેં વૈખરી વાણીથી બોલવાનું બંધ કર્યું છે. મારા ગુરુ મારી સાથે વૈખરી વાણીથી બોલતા નથી, પશ્યંતી વાણીથી બોલે છે, પરાવાણીથી બોલે છે. તમારી વાત મેં ધ્યાનથી સાંભળી લીધી છે અને કહ્યું છે કે નકામી રામકહાણી કહીને મારો સમય શું કામ બગાડો છો ? મારે તમારી રામકહાણી સાથે શું લેવાદેવા ? તમે કામની વાત કરો.

સાથીઓ ! મારું મૌન ધારણ કરવાનું એક બીજું પણ કારણ છે. તમે એવું ના માનશો કે હું આ પરબ બંધ કરવા જઈ રહ્યો છું. મને બાળકોને શીખવવાનો શોખ છે. મને બાળકોને પ્રેમ કરવાનું, તેમને ફુગ્ગા આપવાનું ખૂબ સારું લાગે છે. પોતે ઘોડો બની જઈને પીઠ પર બાળકોને બેસાડીને ફરવાનું મને ખૂબ ગમે છે.

હું તમને જે કોઈ મદદ કરી શકું તેમ છું તે જરૂર કરીશ, પરંતુ તમારે પોતે પણ પોતાની જાતમાં સંવેદના પેદા કરવી પડશે. મેં કહ્યું છે કે તમે ઉપાસના કરો, જપ કરો, જેથી તે સમયે હું તમને પરા અને પશ્યંતી વાણીથી દિશા આપી શકું. નહિતર હું તમને મૌનની શક્તિ મોકલતો રહીશ અને તમને નુકસાન થશે.

તમે શું એમ માનો છો કે તમારી ઉપર મારી કોઈ અસર નથી પડતી ? આ તો મારું મૌન બ્રાહ્મણત્વ છે. આ તપસ્વીની વાણી છે. મેં સેવા કરવામાં સંતોની પ્રવૃત્તિને જીવંત રાખી છે કે હું સમાજની સેવા કરીશ. આજે તો વ્યક્તિની સેવા મુખ્ય અને સમાજની સેવા ગૌણ બની ગઈ છે.

મારા મર્યા પછી તમે જોઈ શકશો કે ગુરુજીના મર્યા પછી તેમનો સમય, ધન, અને શ્રમ કયા કાર્યમાં વપરાયાં છે. મારી શક્તિ અને સામર્થ્ય બાળકોને ખવડાવવામાં, દવાખાના ખોલીને દર્દીઓની સેવા કરવામાં વપરાયાં છે. મેં અત્યાર સુધી સમાજને ચાલીસ ટકા આપ્યું છે અને દુઃખી લોકોને પાંચ ટકા આપ્યું  છે. હવે તેનું પ્રમાણ વધારવામાં આવે એવી મારી ઇચ્છા છે.

..૮..

હું જ્યારે મૌન ધારણ કરી લઈશ ત્યારે મારી અંદરનો બ્રાહ્મણ વધારે જાગી જશે અને ત્યારે હું વ્યક્તિઓની પણ વધારે સેવા કરી શકીશ. નક્કર સેવા કરી શકીશ. અત્યાર સુધી મારી સહાનુભૂતિનો અંશ વધારે રહ્યો છે અને સેવાનો અંશ ઓછો રહ્યો છે. મેં સહાનુભૂતિ વહેંચી છે અને મેળવી પણ છે. જો મેં કોઈને એક કિલોગ્રામ જેટલી સેવા કરી છે તો તેમાં પાંચસો ગ્રામ સહાનુભૂતિ પણ છે. તે વખતે હું સાધનસંપન્ન તથા સમર્થ હતો, પરંતુ આવનારા દિવસોમાં જ્યારે જીવાત્માને હું વધારે ઉપર ઉઠાવીશ ત્યો હું વધારે સેવા કરી શકીશ. તમારા માટે મે કશું કર્યું છે કે નહિ તેની સાબિતી જોઇતી હોય તો નજર ફેલાવીને જુઓ કે કંઈક છે તો તમને ખબર પડશે કે પચાસ લાખ માણસો મારી સાથે જોડાયા છે, નહિતર આટલાં બધા લોકો કેવી રીતે આવત ? હું એવું ક્યાં કહું છું કે કશું જ થયું નથી ? ૫૦ લાખ માણસો મારા એક જ ઈશારે ઊભા થઈ શકે છે. આટલી બધી શક્તિપીઠો કેવી રીતે બની ગઈ ? ૫૦ લાખ મુઠ્ઠી અનાજ અને ૫૦ લાખ લોકોના એક કલાકનું સમયદાન પણ ઘણું મહત્વનું છે.

હું મારી અંદરના બ્રાહ્મણ ને ફરીથી જીવિત કરીશ. સંત દાની હોય છે. માણસે દાની બનવા માટે સંત બનવું પડશે. હું બ્રાહ્મણ અને સંતને ફરીથી જીવિત કરીશ. બ્રાહ્મણ ભેગું કરે છે અને સંત તેને વાપરી નાખે છે. મેં નિશ્ચય કર્યો છે કે જિંદગીની આ અંતિમ ક્ષણોમાં મારી અંદરના બ્રાહ્મણ અને સંતને સાધીને સૌના માટે એક ઉદાહરણ રજૂ કરીશ.

શું આપણે આખી જિંદગી આપણાં છૈયાંછોકરાં પાછળ જ વેડફી દઈશું ? જેની પર માનવજાતિનું ભવિષ્ય ટકેલું છે તેના માટે કંઈ જ નહિ કરી શકીએ ? પોતાના માટે ઘણુંબધું અને સમાજ માટે આટલું ઓછું ? આવું કેવી રીતે બને ? મારા ગુરુએ દુઃખીયારાંની તથા સમાજની સેવા ઓછી કરી છે, પરંતુ તેમણે આખા વિશ્વને હચમચાવી મૂકયું છે.

..૯..

બીજાઓનું દુઃખ જોઈને હું એવું વિચારું છું કે તેના માટે હું શું કરું ? એ વખતે મારું મન રડી ઊઠે છે અને તેને મદદ કર્યા વિના મારું મન માનતું નથી. આ ક્રમ ચાલતો જ રહેશે, પરંતુ એક બીજું કામ પણ છે-માણસને ઊંચો ઉઠાવવાનું. હું વિચારું છું કે જો આ કામ પણ કર્યું હોત તો મજા આવી જાત. તમે જેટલા લોકો બેઠા છો તે બધાને પણ જો મેં ફૂટબોલની જેમ ઊંચે ઉછાળી દીધા હોત તો મજા આવી જાત. તમને લોકોને ઉછાળી દેવામાં આવે તો તમારામાંથી દરેક વ્યક્તિ હનુમાન કે વિવેકાનંદ જેવી જોવા મળશે. તમારામાંનો એક પણ માણસ એવો નથી કે જે રૈદાસની સરખામણીમાં ગરીબ હોય, પરંતુ તમે એટલાં બધા વજનદાર છો કે તમારે સેલ્સ કામ કરતા નથી, તમારા હાથપગ જકડાઈ ગયા છે. માનસિક દૃષ્ટિએ તમારી બેડીઓ એટલી બધી ભારે છે કે જાણે એક એક હજાર મણની હોય ! આમાંથી તમને કેવી રીતે છોડાવું ? તમારી આ બેડીઓને હું કાપીશ, કારણ કે મારા પછી આ બાળકોને ખવડાવનારા, નર્સિંગ હોમ ચલાવનાર ક્યાંથી લાવીશું ? આ હોસ્પિટલ બંધ થઈ ગયા પછી તમારા અનુભવ વગર તેમનું ઓપરેશન કોણ કરશે ? વ્યક્તિને ઊંચે ઉઠાવવામાં નહિ આવે તો વાત કેવી રીતે બનશે?

આ જ કામ માટે હું સમય ખર્ચવા માગું છું. સવાલ મારા સમયનો છે, તમે તો માત્ર પુજા પાછળ પડયા છો. દેવીદેવતાઓની પાછળ પડયા છો કે જેથી મનોકામના પૂરી થઈ જાય. ક્યારેક મને ગુસ્સો આવી જશે તો પૂજા જ બંધ કરાવી દઈશ અને કહીશ કે આની જ પાછળ પડયા છો ? માત્ર પૂજાના જ ચક્કરમાં પડયા છો ? શું પૂજાથી આજ્ઞાચક્ર જાગી જશે ? જો તમે એવું માનતા રહ્યા અને જો એવું જ રટણ કરતા રહ્યા કે માળા ફેરવવાને જ પૂજા કહેવાય છે અને બધું પૂજાથી જ મળી જશે તો સાંભળી લો કે એક દિવસ હું એવી પૂજાને ગાળો દઈશ. દેવીદેવતાઓને પકડી લેવાનું નામ પૂજા છે. દેવતાઓને દબાવવા તથા ચક્કરમાં નાખવાના નામને અજ્ઞાની લોકો, ભ્રમિત લોકો પૂજા કહે છે.

..૧૦..

દેવીદેવતાઓને પકડવા માટે, મનોકામના પૂરી કરવા માટે તમે જે પૂજાનું સ્વરૂપ બનાવ્યું છે તે ખૂબ જ હલકી કક્ષાનું છે. તમે લોકોએ એવું ધાર્યું છે કે અગરબત્તી પ્રગટાવી દઈશું, ચોખા ચઢાવી દઈશું, સાકરિયા ચઢાવી દઈશું એટલે મનોકામના પૂર્ણ થઈ જશે ! પૂજા આવી ન હોઈ શકે. ધ્યાન આવું ન હોઈ શકે. અધ્યાત્મ આવું ક્ષુદ્ર ન હોઈ શકે કે જેવું તમે લોકોએ ધાર્યું છે. તમારી પૂજા અને તમારા દેવતાઓ બધું જ હલકું છે તે તમારે સમજવું જોઈએ.

દરરોજ શાખાઓમાંથી પત્રો આવે છે, દરેક શાખામાં મારકાટ-મારકાટ. મને મૅનેજર બનાવો, આ મેનેજરને દૂર કરો. અમે શાખાઓ અને શક્તિપીઠો એટલા માટે નહોતી બનાવી, દેવીદેવતાઓને એટલા માટે નહોતાં બેસાડયાં કે લોકોનો અહંકાર વધે. અમે ટ્રસ્ટીઓ એટલા માટે નહોતા બનાવ્યા કે તેને બરબાદ કરે ! આવા લોકોને ટ્રસ્ટી બનાવીને, તેમના અહંકાર અને સ્વાર્થપરતાને આગળ વધારીને મેં પોતે જ ભૂલ કરી છે. હવે ગ્રામપંચાયતની સમિતિઓમાં જેવી રીતે ઝઘડા થાય છે એવી જ રીતે આપણી શક્તિપીઠોમાં પણ દરેક જગ્યાએ ઝઘડા ચાલે છે. તે શું મને દેખાતા નથી ? શું મેં શક્તિપીઠો આટલા માટે બનાવી હતી, પૂજા એટલા માટે શરૂ કરી હતી, સંગઠન એટલા માટે બનાવ્યું હતું કે તમે લોકો અહંકારી બની જાઓ અને એકબીજાના ટાંટિયા ખેંચ્યા કરો ? તમે આવી પૂજા બંધ કરો ! ભલે પૂજા ના કરશો, પરંતુ આવી હરકતો બંધ કરો ! તમે ભલે નાસ્તિક બની જાઓ, પરંતુ આવી જાતનું સંગઠન બનાવવાનું બંધ કરી દો. તમે શક્તિપીઠો બનાવવાનું બંધ કરી દો.

અત્રે હું એક વાત જરૂર કહીશ કે તમે આધ્યાત્મિકતાના મૌલિક સિદ્ધાંતોને સમજો. પૂજાને બાજુ પર મૂકો. તમે એવું ન વિચારો કે ગુરુજીએ ચોવીસ ચોવીસ લાખના જપ અનુષ્ઠાન કર્યા હતા. ના, હું તમને એવા ચોવીસ લાખ જપ કરનારા ઘણા લોકોનાં નામ જણાવી શકું છું કે જેઓ બિલકુલ ખાલી હાથ રહ્યા છે. જપ કરનારાઓ કશું જ કરી શકતા નથી. હું તો બ્રાહ્મણ ની શક્તિ, સંતની શક્તિ જગાડવા માગું છું.

..૧૧..

તમે રામનું નામ લો કે ન લો, હવે તો હું ત્યાં સુધી કહું છું કે હવે તમે જપ કરો કે ના કરો, એક માળા કરો કે ૮૧ માળાના જપ કરો, પરંતુ મુખ્ય વાત એ છે કે તમે તમારા બ્રાહ્મણત્વને જગાડો. આ પરબ કોણ ચલાવશે ? હનુમાન ચાલીસાના પાઠ કરનારાઓએ કેટલાનું ભલું કર્યું છે ? બ્રાહ્મણોએ ભલું કર્યું છે, સંતોએ ભલું કર્યું છે. બ્રાહ્મણોની વાણીમાં, સંતોની તપસ્યામાં બળ હોય છે. તમને આવી રીતે કોઈ મળી જશે તો તમે નાસ્તિક બની જશો. તમે પૂજાનું મહત્વ વધારો. અધ્યાત્મ આવા લોકો દ્વારા જ ટકેલું છે.

તમારી પાસે બેંકમાં મુડી જમા નથી, તો ચેક કેવી રીતે વટાવી શકશો ? તમારી બેંકમાં મૂડી હોવી જોઈએ. પહેલાં કંઈક જમા તો કરો. માત્ર પૂજાથી જ કામ ચલાવવાનું નથી. આપણી સૌથી મોટી પૂજા સમાજની સેવા છે. મેં લાખો માણસોની નહિ, આખા વિશ્વની સેવા કરી છે. મેં મારી બુદ્ધિ, ધન, અનુષ્ઠાન, વર્ચસ બધું જ તેમાં ખર્ચ્યું છે. મેં ખેતી કરનારાઓને, મકાન બનાવનારાઓને જોયા છે. તેઓ સેવાના નામે મીંડું છે.

તમે એકલાં ચાલો. મારા ગુરુજી એકલાં ચાલ્યા છે. હું પણ એકલો ચાલ્યો છુ. તમે પણ એકલાં ચાલો. સંગઠનના ચક્કરમાં ના પડશો. તમને બોલતાં આવડતું નથી. તમે કહો છો કે અમને વ્યાખ્યાન શીખવી દો. તમે છો કોણ ? મને કહો તો ખરા ? ભાષણથી શું થવાનું છે ? તમે મારી વાત માનો. તમને બોલતાં નથી આવડતું તો હું શું કરું ? તમે ટપાલીનું કામ કરો. હું તમને બોલવાનું શીખવી દઈશ. છોકરીઓને શીખવી દીધું હતું. મહારાજજી, અમને પણ બોલવાનું શીખવી દો. તમે મને ત્યાગ કરીને તો બતાવો ! ગાંધીજીએ જવાહરલાલ નહેરુ તથા શાસ્ત્રીજીને ખાદી વેચવા માટે કહ્યું હતું. તેઓ ઘેરેઘેર જઈને ખાદી વેચતા હતા. ઘેરેઘેર ઠેલણગાડી લઈને જતા હતા તથા લોકોને કહેતા હતા કે તમે ખાદી પહેરો. શું તેઓ ખાદી વેચતા હતા ? હા બેટા, તેઓ ખાદી વેચતા હતા.

..૧૨..

તમે તમારી જાતને નિચોવી દો. આ મારો દીકરો, આ મારી પત્ની. અરે જોજો, તે તમને એવા મારશે ને કે તમને યાદ રહેશે. મારો દીકરો, મારી પત્ની એ જ રટણ કરતો રહીશ કે પછી સમાજ માટે, ભગવાન માટે પણ કશું ક કરીશ ! ના ગુરુજી, અમે તો હનુમાન ચાલીસા વાંચીએ છીએ, ગાયત્રી ચાલીસા વાંચીએ છીએ. અરે સ્વાર્થી, તારી તો બુદ્ધિ જ બહેર મારી ગઈ છે. અહંકાર વધી ગયો છે. મેં તમારામાંના દરેકને કહ્યું છે કે તમે બ્રાહ્મણ બનો. ના ગુરુજી, અમે તો દાન ઉઘરાવી લીધું છે. તો હું શું કરું તેનું ? તમે પહેલાં માણસ તો બનો ! પહેલાં તમે માણસ બનવાનું શીખો. તમે ક્ષુદ્રતા છોડો, સવારથી સાંજ સુધી કામ કરો. પાત્રતા વધારો.

ઋષિઓએ પોતાનું લોહી એક ઘડામાં એકઠું કર્યું હતું, જેમાંથી સીતાજી ઉત્પન્ન થયા હતા. તમારે પણ સંસ્કૃતિરૂપી સીતાની શોધખોળ કરવાની છે. સમાજ માટે, સંસ્કૃતિ માટે તમારો સમય, તમારા પૈસા કાઢો, તમારું લોહી આપો. તમે તમારી જાતને નિચોવો તો ખરા. નિચોવવાના નામ પર માત્ર અંગૂઠો બતાવો છો, ત્યાગના નામ પર જીભ બહાર કાઢો છો. બકવાસના નામે, ફરવાના નામે કોઈ મતલબ વગરના આડંબર રચો છો. તમે તમારી જાતને નિચોવો. જો તમે તમારી જાતને નિચોવશો તો પછી જોઈ લેજો કે તમે કેવાં બની જાઓ છો. મેં મારી જાતને નિચોવી છે.

જો તમે પણ તમારી જાતને નિચોવી દો તો મારું એક કામ જરૂર કરજો કે મારા વિચારો, મારી આગ લોકો સુધી પહોંચાડજો. હું લેખક નથી, પણ મારા લખેલા શબ્દોમાંથી આગ નીકળે છે. વિચારોની આગ, ભાવનાઓની આગ નીકળે છે. મારી કલમમાંથી, મારા મસ્તકમાંથી, મારી આંખોમાંથી આગ નીકળે છે. મારા વિચારોની આગને, ભાવનાઓની આગને, સંવેદનાઓની આગને તમે ઘેરેઘેર પહોંચાડો. તમારામાંના દરેક માણસે લાલબહાદુર શાસ્ત્રી, જવાહરલાલ નહેરુ તથા સરદાર પટેલ બનવું જોઈએ. ગાંધીજીના આદેશથી તેઓ ઠેલણગાડીમાં ખાદી મૂકીને વેચવા ગયા હતા.

ખ્રિસ્તી મિશનરીની સ્ત્રીઓ પણ ઘેરેઘેર જાય છે અને કહે છે અમારી એક પૈસાની ચોપડી જરૂર ખરીદો. જો સારી ના લાગે તો કાલે અમે પાછી લઈ લઈશું. અરે, પુસ્તકો વેચવાના નથી બાબા, મારા વિચારોને ઘેરેઘેર પહોંચાડવાના છે. તમારા લોકો માટે મારો એકસૂત્રી કાર્યક્રમ છે. તમે જાઓ અને પોતાની જાતને નિચોવો. તમારા ઘરનો ખર્ચ જો ૧૦૦૦ રૂપિયા હોય તો તેમાં કાપ મૂકો અને તેમાંથી બચેલા પૈસાને જ્ઞાનયજ્ઞ માટે વાપરો. મારી આગને ફેલાવી દો. વાતાવરણને ગરમ થવા દો. તેનાથી અજ્ઞાનતાને દૂર કરી દો. તમે લોકો જાઓ અને તમારી જાતને નિચોવી દો. જ્ઞાનઘટના પૈસાનો સદુપયોગ કરો. તો શું અમે અમારી પત્નીને વેચી દઈએ ? બાળકોને વેચી દઈએ ? ચૂપ કંજૂસ !, ઉપરથી કહે છે કે હું ગરીબ છું ! તમે ગરીબ નહિ, કંજૂસ છો !

દરેક માણસો પ્રત્યે મને આક્રોશ છે. મારી અંદર આગ લાગી છે અને તમે તમારી જાતને નિચોવવા તૈયાર નથી. માણસનું ઈમાન વ્યક્તિત્વ આજે નષ્ટ થઈ રહ્યું છે. આજે શક્તિપીઠો, પ્રજ્ઞાપીઠો જેટલી વધતી જાય છે. એટલો જ માણસનો અહંકાર વધતો જાય છે. અંદરોઅંદર લડાઈ-ઝઘડા વધી રહ્યા છે. બધા જ સંપત્તિના માલિક બની રહ્યા છે. હું ઇચ્છું છું કે હવે માત્ર દસ પંદર હજારની ઘાસની શક્તિપીઠ, પ્રજ્ઞાપિઠ બની જાય, તો કમસે કમ લોકોનો રાગ-દ્વેષ, અહંકાર તો ના વધે ! આજે તમને લોકોને એક જ વિનંતી છે કે તમે મારી આગને પોતે જ ફેલાવી દો. નોકરીથી નહિ, સેવાથી. તમે જાઓ અને પોતે મારું સાહિત્ય વાંચો તથા લોકોને વંચાવો કે હું શું કહેવા માગું છું. અમે માત્ર બે જ વાતો તમને કહેવા માગીએ છીએ. પહેલી તો એ કે મારી આ આગને ઘેરેઘેર પહોંચાડી દો, બીજી વાત એ કે તમે તમારી અંદરના બ્રાહ્મણ અને સંતને જીવિત કરો, જેથી મારી પરબ તથા હોસ્પિટલ ચાલતી રહે. જેથી લોકોને, તેમના બાળકોને ખવડાવી શકીએ, તેમને જીવતા રાખી શકીએ તથા મૃતપ્રાય સંસ્કૃતિને પુનર્જીવિત કરી શકીએ. તમે ૧૧ માળા જપ કરો છો તો તમારો ખૂબ ખૂબ આભાર.

આ કોઈ જાદુગરી નથી. માળામાં કોઈ જાદુ નથી. હું તો એટલે સુધી કહું છું કે મનોકામનાની માળાઓ, જાદુગરીની માળાઓમાં આગ લગાવી દો. તમારી મનોકામનાની માળા, જાદુગરીની માળા, આજ્ઞાચક્ર જાગૃત કરવાની માળાને પાણીમાં વહાવી દો.

તો મહારાજ, અમે શું કરીએ ? તમે તમારા બ્રાહ્મણત્વને જગાડી દો. સાધુને જગાડી દો, જેથી તમે તમારી નાવ પોતે જ પાર કરી શકો. નહિતર હું એવું જ કહીશ કે કદાચ મારું તપ ઓછું છે, નહિ તો ક્યાંક ને ક્યાંક મને બ્રાહ્મણ કે સાધુ અવશ્ય મળી જાત. તમારી પાસે ધન નથી, પણ તમારી ભાવના, વિચારો તથા શ્રદ્ધાને તો સમાજમાં ફેલાવી શકો છો. તેને તો ફેલાવો. સંત બનીને તમારો પરિચય આપો. સંત દાની હોય છે, સંત ઉદાર હોય છે.

મારી ઇચ્છા હતી કે હવે બાકી બચેલા દિવસોમાં બ્રાહ્મણ તથા સંતનું કામ વધુમાં વધુ કરી શકું, મધ્યમા વાણીથી, પરાવાણીથી લોકની વધુમાં વધુ સેવા કરી શકું. આવી મારી ઇચ્છા છે. હું તમને એક જ વાત કહું છું કે તમે તમારી જાતને નિચોવો, બચત કરો. તમારા શ્રમ, સમય, ધન અને ભાવનાની સમાજને જરૂર છે, સંસ્કૃતિને જરૂર છે. તેમને ભોગવિલાસમાં ના વેડફો. જો કોઈમાં બ્રાહ્મણત્વ તથા સંત જીવિત હોય તો તેને બહાર લાવો. તેને તમે વિખેરી દો. મેં પ્રાર્થના કરી છે કે જો તમારા લોકોમાં ક્યાંય પણ, કોઈ પણ ખૂણામાં જો બ્રાહ્મણ અથવા સંત જીવિત હોય તો તે જાગી જાય. ઉપાસના સાધનાના નામે તમે જાદુગરી બંધ કરો. દેવતાઓને છેતરનારી, મનોકામનાઓ સિદ્ધ કરનારી પૂજા બંધ કરો.

સાધના કોને કહે છે તે તમને ખબર છે ? તમે હનુમાનજીની પૂજા કરો છો, સંતોષી માતાની પૂજા કરો છો. આ ન તો મંત્ર છે, ના યંત્ર છે, ના પૂજા છે. તમે હનુમાનજી અથવા સંતોષી માતાને સાધો છો. અરે, પહેલાં પોતાની જાતને તો સાધો.

પરંતુ આ જે જાદુગરી તમે કરી રહ્યા છો તે બદમાશી સિવાય બીજું કંઈ જ નથી. જો તમે પૂજા ઉપાસના કરતા હો તો તે ઠીક છે, તે તમારી મરજી છે, પરંતુ આ ન તો કોઈ મંત્ર છે કે ન જપ છે. આ માત્ર છેતરપીંડી છે. પૂજાના નામ પર જો તમે આવી જ બદમાશી કરતા રહો તો તમારી ઇચ્છા, પરંતુ તેનાથી કોઈ ફાયદો થવાનો નથી. પહેલાં તમે સમર્પણ કરવાનું શીખો. આ ખાસ ખાસ બાબતો હતી, જે મેં તમને જણાવી દીધી.

મારા ગુરુજીની પણ એવી જ ઇચ્છા છે કે હું તમારામાંના દરેક માણસમાં રહેલા બ્રાહ્મણ અને સંતને જીવતો કરું અને હું એવું ઇચ્છું છું કે જો તમારી અંદર બળ હોય અને તમારી અંદર બ્રાહ્મણત્વ અને સાધુત્વ હોય તો તે જીવિત થાય. વિદાયની આ વેળાએ હું આટલું જ કહીને તમને વિદાય કરી રહ્યો છું. મિત્રો ! ગુરુજીએ હંમેશાં આપ્યું જ છે, આગળ પણ આપણા રહેશે. શરત એક જ છે કે તમારી બ્રાહ્મણ અને સંતની પ્રવૃત્તિને જીવિત કરો. તમે જાઓ અને પોતપોતાના કામોમાં પરોવાઈ જાઓ.

## જ્ઞાનયજ્ઞમાં તમે પણ આહુતિ આપો

સમસ્ત સંકટોનું એકમાત્ર કારણ છે - માનવીય દુર્બુદ્ધિ. જે ઉપાયથી દુર્બુદ્ધિને દૂર કરી સદ્બુદ્ધિ સ્થપાય, તે જ માનવકલ્યાણનો તથા વિશ્વશાંતિનો સમાધાનકારક માર્ગ છે.

યુગઋષિ પરમપૂજ્ય પં. શ્રીરામ શર્મા આચાર્યજીએ વર્તમાન યુગની સમસ્યાના સમાધાન માટે હજારો પુસ્તકો લખ્યાં છે. આ પુસ્તકોને જન જનને વંચાવવા તે આજનો યુગધર્મ છે. પુસ્તક સૂચિ નીચેના સરનામે પત્ર લખીને નિ:શુલ્ક મંગાવો.
પ્રાપ્તિસ્થાન : ગાયત્રી જ્ઞાનપીઠ, જૂના વાડજ, અમદાવાદ ટે.નં. ૦૭૯ ૨૭૫૫૭૨૫૨

પ્રકાશન : યુગ નિર્માણ યોજના વિસ્તાર ટ્રસ્ટ, ગાયત્રી તપોભૂમિ, મથુરા-3 ફોન : ૦૫૬૫-૨૫૩૦૧૨૮, ફેક્સ : ૦૫૬૫-૨૫૩૦૨૦૦

E-Mail : yugnirman@awgp.org.